## મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલત નં.૪ ના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રીની કોર્ટમાં, મુ.અમદાવાદ.

**જુના ફોજદારી કેસ નં.૧૧૭૭/૨૦૧૧**
**નવા ફોજદારી કેસ નં.૭૭૧/૨૦૧૮**
**આંક– ૧૮**

**ફરીયાદી ::–** કારખાના નિરીક્ષક
(શ્રી એચ.બી.ત્રિવેદી,(કારખાના નિરીક્ષક,અમદાવાદ)

**– : : વિરુધ્ધ : : –**

**આરોપી ::–** શ્રી ગૌતમભાઈ ડી.જીનોની(કબજેદાર),
માયા ઉધ્ધોગ,
પ્લોટ નં–૪૦૦૧–૪૦૧૨, ફેઝ–૪,
જી.આઈ.ડી.સી. વટવા, અમદાવાદ.

**ગુનો :** કારખાના ધારા ૧૯૪૮ નાં અન્વયે..

**–:: ઠ રા વ ::–**

---

ફરીયાદી તરફે..ગેરહાજર
આરોપી તર્ફે..ઓથોરાઈઝડ પરર્સન મારફતે હાજર

---

**–:: ઠ રા વ ::–**

(૧) નામ.ગુજરાત હાઈકોર્ટના નોટીફીકેશન નં.એ.૩૬૦૮/૨૦૧૫, તા.૨૩/૦૬/૨૦૧૭ અન્વયે ફોજદારી કેસો ચલાવવાની સત્તા સીવીલ જજ તથા જયુ.મેજી.ફ.ક.ને મળતા સદરહું ફોજદારી કેસ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,અમદાવાદની કોર્ટમાંથી અત્રેની મજુર અદાલતમાં ટ્રાન્સફર થતા,સદરહું ફોજદારી કેસને ફોજદારી કેસ નં.૭૭૧/૨૦૧૮ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરીયાદી ફેકટરી એકટની ક.૮ નીચે નિરીક્ષક તરીકે નિમાયેલા છે. કારખાના નિરિક્ષકે

તા.૧૭/૪/૨૦૧૧ ના રોજ કારખાનાની મુલાકાત લેતાં સદરહુ કારખાનામાં બહારથી આવતા એસએસ. ના પતરાને રોલીંગ મીલમાં રોલ કરી જરુરી સાઈઝના બનાવી ફરનેસ તથા એસિડ વોશ આપી ડીસ્પેચ કરવામાં આવે છે. સૌ પ્રથમ એસએસ ની લંબચોરસ ટાંકીમાં સાબુનું દ્રાવણ બનાવવામાં આવે છે જેમાં કારખાનામા બહારથી આવતા એસએસ. પતરા પર લાગેલ ગ્રીઝ / ઓઈલ દુર કરવા માટે ડુબાડવામાં આવે છે. ત્યારબાદ આ ટાંકીની આગળ રાખેલ ભુસા મશીનમાંથી  આ પતરાને પસાર કરવામાં આવે છે. ભુસા મશીનમાં આગળની સાઈડે મેટલના રોલ પર ૨.૨.૫ ઈંચનું રબરનું કટીંગ કરી વાપરવામાં આવે છે. ત્યારબાદ અન્ય પાંચ રોલ કે જેમાં મેટલ રોલ પર જીન્સ ચઢાવી લગાવેલ હોય છે જેથી તેમાંથી પસાર થતા પતરામાથી ગ્રીઝ / ઓઈલ તથા સાબુના દ્રાવણનું પાણી ચુસાઈ જાય અને બીજી બાજુથી બહાર આવતા પતરા કોરા થઈને બહાર નીકળે છે. બાદમાં તેના પર અન્ય પ્રોસેસ કરવામાં આવે છે. કારખાનામાા કામ કરતા શ્રમયોગી રુપેશ હીરામન બડગુજરને તા.૮/૬/૨૦૧૦ ના રોજ કારખાનામા વપરાતા ભુસા મશીન પર કામ ના સમય દરમ્યાન નડેલ અકસ્માતની વિગત સ્થળ તપાસ તથા શ્રમયોગીના નિવેદન પરથી નીચે મુજબ છે.  કારખાનામાં તા.૭/૬/૨૦૧૦ ના રોજ શ્રમયોગી રુપેશ હીરામને ત્રીજી પાળીમાં રાત્રે ૧૨:૦૦ વાગે કામ શરુ કર્યુ. કારખાનામાં બહારથી આવતા પતરા પર લાગેલ ગ્રીઝ / ઓઈલ દુર કરવા માટે ભુસા મશીનની આગળ રાખેલ એમ.એસ.ટાંકીમાં બનાવેલ ાસબુના પાવડરના દ્રાવણમાં પતરા નાખી સદર પતરાને ભુસા મશીનમાંથી પસાર કરી ડ્રાય પતરા ભુસા મશીનમાંથી કાઢવાનું કામ ચાલુ કર્યુ. આશરે રાત્રીના ૩:૩૦ કલાકે ૮ બાય ૨ સાઈઝનું પતરુ ઉપરોકત એમ.એસ.ટાંકીમાંથી કાઢી ભુસા મશીનમાં રોલમા નાંખવાા જતા પતરાના તુટેલ કોર્નરની સાથે પતરુ ઉપરોકત એમ.એસ.ટાંકીમાંથી કાઢી ભુસા મશીનમાં રોલમાં

નાખવા જતા પતરાના તુટેલ કોર્નરની સાથે તેમનો જમણો હાથ રબરના રોલની નીપ વચ્ચે આવી ગયેલ. આ બનાવ બાદ તેમણે બુમો પાડતા ભુસા મશીનની સામે છેડે ઉભા રહેલ સાથી શ્રમયોગીએ ડાબા હાથથી મશીનનો પાવર સપ્લાય બંધ કરી મશીન બંધ કરેલ અને પોતાનો રોલની વચ્ચે ફસાઈ ગયેલ જમણો હાથ બહાર ખેંચી કાઢેલ. ત્યારબાદ સદર શ્રમયોગીને કારખાનામાં પ્રાથમિક સાસરવાર આપી સારવાર માટે ઈ.એસ.આઈ. બાપુનગર ખાતે દવાખાને લઈ ગયેલ જયાં ફરજ પરના ડોકટરે અકસ્માતગ્રસ્ત શ્રમયોગીને તપાસી એકસરે લઈ ટાંકા તથા ડ્રેસીંગ કરી સવારે વિસ્તારના ઈ.એસ.આઈ. ખાતેના દવાખાને લઈ જવા સુચના આપી રજા આપી. ત્યારબાદ સત્યમનગર ખાતેના ઈ.એસ.આઈ. દવાખાને હાડકાના ડોકટર પાસે સુચનાનુસાર જઈ સારવાર લીધેલ. લગભગ ત્રણ મહીના સારવાર બાદ શ્રમયોગી તેમની ફરજ પર હાજર થયેલ તથા હાલમાં જમણા હાથનો અંગુઠો કામ ન કરતો હોવાનું જણાવેલ છે. કારખાના ધારા ૧૯૪૮ ની કલમ–૮૮ સાથે વાંચતા ગુજરાત કારખાના નિયમ ૧૯૬૩ ના નિયમ–૧૦૩ ની જોગવાઈ મુજબ કારખાનામાં કામ કરતા શ્રમયોગીને અકસ્માત કે ભયજનક બનાવ બાદ તે ઈજા પામેલ વ્યકિતને ૪૮ કલાક કે તેથી વધુ સમય માટે કામ કરતા અટકાવે ત્યારે તેનો રિપોર્ટ નમુના નં–૨૧ માં જાણ કારખાનાના મેનેજરે કારખાના નિરીક્ષકને અકસ્માતના સમય બાદ ૪૮ કલાક પુરા થયા પછી ના ૨૪ કલાકમાં કરવાની રહેશે. કારખાનામાં કામ કરતા શ્રમયોગી રુપેશ હીરામનને તા.૮/૬/૨૦૧૦ ના રોજ ભુસા મશીન પર એસ.એસ.ના પતરા પર લાગેલ ઓઈલ / ગ્રીઝ ને દુર કરવાની પ્રક્રિયા દરમ્યાન જમણા હાથનો અંગુઠો તથા ટચલી આંગળી રબરના રોલ વચ્ચે આવી જતા ઈજા થયેલ. સદર બનાવ બાદ શ્રમયોગી તરતના ૪૮ કલાક કે તેથી વધુ (ત્રણ મહીના) સમય દરમ્યાન કારખાનામાં કામ પર આવવાને અશકિતમાન થયેલ

હોવા છતાં સદર અકસ્માતની જાણ નિયત નમુના–૨૧ માં કારખાનાના મેનેજરે કારખાના નિરીક્ષકને ઠરાવેલ સમય મર્યાદામાં કે આજદીન સુધી કરેલ નથી. આમ કારખાનાના કબ્જેદાર / વ્યવસ્થાપકે કારખાનામાં કામ કરતા શ્રમયોગી રુપેમ હીરામનને કામના સમય દરમ્યાન કારખાનામાં વપરાતા ભુસા મશીન પર રોલમાં જમણા હાથનો અંગુઠો તથા ટચલી આંગળી આવી જવાના બનેલ બનાવ બાદ અકસ્માતગ્રસ્ત શ્રમયોગી અકસ્માત બાદ ૪૮ કલાક કે તેથી વધુ કલાક બાદના ૨૪ કલાકની અંદર નિયત નમુના – ૨૧ માં કારખાના નિરીક્ષકને જાણ નહી કરીને ગુજરાત કારખાના નિયમ ૧૯૪૮ ના નિયમ–૨૧ (૧)(૪)(સી) નો ભંગ કરેલ છે અને કારખાના ધારા ૧૯૪૮ ની કલમ– ૯૨ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરીયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે

(૨) હાલની ફરીયાદ અત્રેની અદાલતમાં ટ્રાન્સફર થઈ આવ્યા બાદ,અત્રેની અદાલત ધ્વારા આ કામના આરોપીને સમન્સ કરતા,આરોપી વતી તેમના ઓથોરાઈઝડ પરર્સન **શ્રી રતનલાલ કેસરીમલ શાહ** જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આંક–૬ થી તેઓનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ,ત્યારબાદ તેઓની આંક–૧૬ થી પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરેલ છે અને આંક–૧૭ થી કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામા ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૩) હાલના કામે તહોમતદારોના ઓથોરાઈઝડ પરર્સન **શ્રી રતનલાલ કેસરીમલ શાહ** એ ગુન્હા ની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામા આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબલુ કરશે તો આવી કબુલાત

તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમા લેવાશે, આમ છતા તેઓ તમા તોહમદાર વતી હાલનો ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે,ત્યારબાદ તમામ તહોમતદારો વતી તેમના ઓથોરાઈઝડ પરર્સન **શ્રી રતનલાલ કેસરીમલ શાહ** ની પ્લી રેકર્ડ કરવામા આવતા તેમા પણ તેઓ આ કામે તહોમતદાર કંપનીના ઓથોરાઈઝડ પરર્સન તરીકે હાલનો ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે.આમ આ કામે તહોમતદાર કંપની તેમના ઓથોરાઈઝડ પરર્સન વતી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબલુ કરતા હોવાનુ જણાય છે.

(૪) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત તથા કાયદામાં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાનમાં લેતા,આ કામે તહોમતદાર તે કંપનીના જવાબદાર અધિકારી હોય, તેમજ તેઓ સ્વૈચ્છાપૂર્વક રાજી ખુશીથી હાલનો ગુનો તેમના ઓથોરાઈઝડ પરર્સન મારફતે કબુલ રાખતા હોય, હાલના તહોમતદારને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામા આવેશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોટર્નુ માનવુ છે.સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટટે ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરલે સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલના આરોપી વિરુધ્ધ ગુનો સાબીત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –: હુ ક મ :–

૧) કામે આરોપી/સંસ્થાને ક્રિ.પ્રો.કો.ક.૨૫૨ અન્વયે ગુજરાત કારખાના નિયમ ૧૯૬૩ ના નિયમ–૨૧(૧)(૪)(સી)ભંગ બદલ કારખાના ધારાની ક.૯૨ હેઠળ તકસીર વાન ઠરાવીને આરોપી/સંસ્થાને રૂા.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પૂરા) નો દંડ, અને જો દડં ન ભરે તો દિન.–૩૦ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજરોજ નામ.ઔધ્યોગિક અદાલત,ગુજરાત રાજયના નોટિફીકેશન નં. NO.ICLC/9158/2019,Dt.10/07/2019 મુજબ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૩ –૦૭–૨૦૧૯
સ્થળ : અમદાવાદ.

**( દિપક હસમુખભાઈ ખંભાતી)**
**CODE : GJ00866**
**એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ**